વૈવિધ્ય



**શું તમારા ઘરમાં સામાન અસ્તવ્યસ્ત પડ્યો રહે છે? તમને તેને મૂકવાની યોગ્ય જગ્યા મળતી નથી? તો પછી વિવિધ પ્રકારનાં હેન્ગીંગ ઓર્ગેનાઈઝરનો ઉપયોગ કરીને તમે ઘરના સામાનને વ્યવસ્થિત રીતે મૂકી શકો છો. આ હેન્ગીંગ તમારી ફ્લોર સ્પેસ રોકતા નથી અને વધારાના સામાનને વર્ગીકૃત કરીને મૂકવાની વ્યવસ્થા ઊભી કરી આપે છે. જ્યાં જગ્યાની અછત હોય ત્યાં આવાં ઓર્ગેનાઈઝર ઘણાં ઉપયોગી થાય છે. આપણે કેટલાંક હેન્ગીંગ ઓર્ગેનાઈઝર્સ જોઈશું કે જેને તમે કબાટમાં, રસોડામાં કે બાથરૂમમાં મૂકીને સામાનની વ્યવસ્થિત ગોઠવણ કરી શકો.**

## હેન્ગીંગ ઓર્ગેનાઈઝરથી રાખી શકાય

# ઘર ઓર્ગેનાઈઝડ



### ફેબ્રિક પોકેટ ઓર્ગેનાઈઝર

કબાટના દરવાજામાં અંદરના ભાગે કપડાના બનેલાં હેન્ગીંગ ઓર્ગેનાઈઝરને લટકાવી શકાય. તેનો ઉપયોગ ચાર્જર, હેર ટાઈ અને નેલકટર જેવી વસ્તુઓ મૂકવામાં કરી શકાય. આ વસ્તુઓ ઘરમાં મોટાભાગે બધાં જ ઉપયોગમાં લેતાં હોય છે એટલે તેમને વર્ગીકૃત કરીને લેબલિંગ કરીને હેન્ગીંગમાં મૂકવાનું સરળ રહે છે.

### હેન્ગીંગ કિચન બાસ્કેટ



રસોડામાં કાંદા અને બટેટા મૂકવા માટે અથવા તો મરી-મસાલાના નાના ડબ્બા મૂકવા માટે અથવા તો વિવિધ ફળો મૂકવા માટે દીવાલમાં હુક લગાવીને ટાયર્ડ બાસ્કેટ લગાવી શકાય. બસ, તેમાં ઓવરલોડ ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે નહિતર હુક પર લોડ આવીને તે તૂટી શકે છે.

### હેન્ગીંગ બાથરૂમ ઓર્ગેનાઈઝર

બાથરૂમ માટે પ્લાસ્ટિક કે જાળીના હેન્ગીંગ ઓર્ગેનાઈઝરનો ઉપયોગ કરી શકાય કારણ કે



કાપડના હેન્ગીંગ બાથરૂમમાં ભીનાં થઈ જશે જેમાંથી થોડા દિવસ પછી દુર્ગંધ આવશે. વોશ બેઝીનની ઉપરની દીવાલ પર આ હેન્ગીંગ લગાવી શકાય જેમાં તમે ફેસ વોશ, હેર કોમ્બ, ટુથપેસ્ટ વગેરે જેવી વસ્તુઓ મૂકી શકો છો.

### હેન્ગીંગ શૂઝ ઓર્ગેનાઈઝર

હા, તમે શૂઝ પણ હેંગીંગ ઓર્ગેનાઈઝરમાં મૂકી શકો છો. તમારા રૂમના દરવાજાની પાછળ આવું હેન્ગીંગ ઓર્ગેનાઈઝર લગાવી દો. જો કે, તે નાની નાની વસ્તુઓ મૂકવા માટે વધારે સારું રહે છે જેમ કે, સ્કાર્ફ, બાળકોનાં મોજાં, સ્કૂલ આઈકાર્ડ, બેલ્ટ, વગેરે.







### પ્રવેશદ્વાર પર હેન્ગીંગ બાસ્કેટ

એવું ઘણી વાર બને છે કે જયારે ઉતાવળ હોય ત્યારે જ ચાવી મળતી નથી. પ્રવેશદ્વાર પર લગાવેલું હેન્ગીંગ બાસ્કેટ આવી પરિસ્થિતિમાં ઉપયોગમાં આવી શકે છે. તમે ઘરમાં પ્રવેશતાંની સાથે જ તેમાં તમારા સનગ્લાસીસ, ચાવીઓ, ટોપી અને ફોલ્ડીંગ છત્રી વગેરે મૂકી શકો છો જે મોટાભાગે આપણે ઘરમાં પ્રવેશતાં જ આમતેમ કોઈ પણ જગ્યાએ મૂકી દઈએ છીએ, જેનાથી ઘર અસ્તવ્યસ્ત દેખાય છે. આ બાસ્કેટથી પ્રવેશદ્વાર પાસેનો એરિયા સાફસૂથરો દેખાશે.

### કેનવાસ ઓર્ગેનાઈઝર

કેટલાંક કબાટોમાં હેન્ગર માટેની જગ્યા વધારે હોય છે અને શેલ્ફ ઓછાં. તેમાં શેલ્ફવાળા કેનવાસ ઓર્ગેનાઈઝર લગાવીને તે ખાલી જગ્યાનો ઉપયોગ કરી શકાય છે. તેમાં રૂમાલ, ટીશર્ટસ, ટુવાલ, હેન્ડબેગ વગેરે જેવી વસ્તુઓ મૂકી શકાય છે.

### હેન્ગીંગ જ્વેલરી ઓર્ગેનાઈઝર

ડ્રોઅરમાં નેકલેસ મૂકવાથી તે ઘણી વાર એકબીજા સાથે ગુંચવાય જાય છે. ડ્રેસિંગ ટેબલ કે કબાટમાં વોલબોર્ડ લગાવીને તેમાં ચેન માટે હુક્સ અને ઈયરીંગ અને બેન્ગલ્સ માટે નાના લુપ્સ લગાડો. વોલબોર્ડ પર બેકગ્રાઉન્ડ તરીકે એવું ફેબ્રિક પસંદ કરો કે જેના પર જ્વેલરી મૂકવાથી તેની શોભા વધી જાય

### સફાઈનાં સાધનો માટેનું ઓર્ગેનાઈઝર

યુટીલીટી કેબિનેટના દરવાજાના અંદરના ભાગે એક હેન્ગીંગ ઓર્ગેનાઈઝર લગાવી શકાય કે જેમાં હેન્ડ ગ્લોવ્ઝ, વેસ્ટ ક્લોથ્સ, બ્રશ, સ્ક્રબર અને ડસ્ટર મૂકવા માટે પોકેટ્સ હોય. તેનાથી ફ્લોર પર તે અટવાતાં નથી અને જગ્યા પણ રોકતાં નથી.

